# રીપબ્લિક ઓફ કેન્યા કાઉન્ટી એસેમ્બલીના સચિવ કક્ષાના ડેલીગેશનની વિધાનસભા સચિવાલયની મુલાકાત



રીપબ્લિક ઓફ કેન્યા કાઉન્ટી એસેમ્બલીના સચિવ કક્ષાના ડેલીગેશનની સોમવાર તા. ૭/૧૦/૨૦૧૯ ના રોજ વિધાનસભા સચિવાલયની મુલાકાતના ભાગરૂપે સૌ પ્રથમ વિધાનસભા ખાતે ચોથા માળે આવેલ સમિતી ખંડ-૧ માં વિધાનસભાના નાયબ સચિવશ્રી સી. બી. પંડ્યાએ ડેલીગેશનના સર્વે સભ્યશ્રીઓને આવકાર્યા હતા ત્યારબાદ વિધાનસભા સચિવાલયના અધિકારીશ્રીઓએ પોતાનો ટૂંકમાં પરિચય આપ્યો હતો તથા ડેલીગેશનના સભ્યશ્રીઓએ પણ પોતાનો પરિચય આપ્યો હતો.

ડેલીગેશનના સભ્યશ્રીઓએ વિધાનસભા સચિવાલયના સચિવશ્રી ડી. એમ. પટેલ સાથે સંસદીય વિષયો પરની પ્રશ્નોત્તરી અંતર્ગત અંદાજીત એક કલાક સુધી ચર્ચા કરી, ગુજરાત વિધાનસભાની કાર્યરીતિ અને પ્રણાલીઓ, સત્ર દરમિયાન કરવામાં આવતી વિશેષ કામગીરી, વિધાનસભાના અસરકારક સંચાલન માટેની નીતિઓ વિશે, વિધાનસભાના નિયમો તેમજ ત્યાંની કાઉન્ટી એસેમ્બલીના સંચાલન માટે ઉપયોગી થઈ શકે તેવા વિષયો અંગે વિસ્તૃત જાણકારી મેળવી હતી. ગુજરાત રાજ્યની ડોક્યુમેન્ટરી અંતર્ગત ડેલીગેશન સમક્ષ પ્રેઝન્ટેશન પણ રજૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડેલીગેશને વિધાનસભા ગૃહની મુલાકાત લીધી હતી, જ્યાં વિધાનસભા સચિવાલયના સચિવશ્રી ડી. એમ. પટેલ તથા અધિકારીશ્રીઓ દ્વારા ગૃહની બેઠક વ્યવસ્થા તથા ગૃહ સંબંધી અન્ય બાબતો અંગે વિશેષ સમજણ આપવામાં આવી હતી. ત્યારબાદ ડેલીગેશને વિધાનસભા સચિવાલય ખાતે પ્રથમ માળે આવેલ પોડિયમમાં મૂકવામાં આવેલ

મહાનુભાવોના તૈલચિત્રો સંબંધિત માહિતી મેળવી  હતી.  વિધાનસભા સચિવાલયના સચિવશ્રી તથા અધિકારીશ્રીઓના આતિથ્ય ભાવ બદલ આભારની લાગણી વ્યક્ત કરતાં ડેલીગેશનના સભ્યશ્રીઓએ વિધાનસભા સચિવાલય ખાતેથી વિદાય લીધી હતી.

**********